| | | | | | |
|---|---|---|---|---|---|
| GJBK020010852017 | | દાખલ તારીખ | ૦૬/૦૩/૨૦૧૭ | | |
| | | નોંધ્યા તારીખ | ૦૮/૦૩/૨૦૨૩ | | |
| | | નીર્ણય તારીખ | ૧૬/૦૭/૨૦૨૬ | | |
| | | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૩ | ૦૪ | ૦૮ |

**બનાસકાંઠા જિલ્લાના મે.પ્રિન્સીપાલ સીનીયર સીવિલ જજ અને એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબ શ્રીની કોર્ટમાં,**

**મુ.પાલનપુર.**

**ફોજદારી કેસ નં.૮૮૭/૨૦૧૭**
**આંક :–**

| | | |
|---|---|---|
| ફરીયાદી | :– | શ્રી સ ર કા ર.<br>(પાલનપુર શહેર પશ્ચિમ પો.સ્ટે.ફ.ગુ.રજી. નં.૯૯/૨૦૧૬) |
| | | વિરૂધ્ધ... |
| આરોપીઓ | (૧) | સાગરભાઈ અમરતભાઈ દેસાઈ,<br>ઉ.વ.આ.૧૯, ધંધો–મજુરી,<br>રહે.ઢુંઢીયાવાડી પોલીસ ચોકી પાસે, પાલનપુર.<br>મૂળ રહે.કુશ્કલ, તા.પાલનપુર, જિલ્લો–બનાસકાંઠા. |
| | (૨) | સુનિલભાઈ કાળુભાઈ ઓડ,<br>ઉ.વ.આ.૨૦, ધંધો–મજુરી,<br>રહે.ઓડવાસ, ઢુંઢીયાવાડી, ચમનજી ઝાલાનાં મકાન પાસે,<br>મુ.તા.પાલનપુર, જિલ્લો–બનાસકાંઠા. |
| | (૩) | વિપુલકુમાર અમૃતલાલ રાઠોડ (ઓડ), (એબેટ)<br>ઉ.વ.આ. ૧૯, ધંધો : મજુરી,<br>રહે.ઓડવાસ, ઢુંઢીયાવાડી, ચમનજી ઝાલાનાં મકાન પાસે,<br>મુ.તા.પાલનપુર, જિલ્લો–બનાસકાંઠા. |

| | |
|---|---|
| તહોમત | ઈ.પી.કો. કલમ–૩૨૪, ૩૨૩, ૫૦૬(૨), ૨૯૪(ખ), ૧૧૪ તથા ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫ મુજબ. |

**એડીશનલ ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ, પાલનપુર.**

| | |
|---|---|
| ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી : આર.ડી.ગોગરા. | |
| બચાવપક્ષ તરફે વિ.વકિલ શ્રી : યુ.એ.સોલંકી. | |

-// ઠ રા વ //-

(૧) આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, ગઈ તા.૦૮/૧૦/૨૦૧૬ના રોજ પાલનપુર મુકામે સુયોગ બંગ્લોઝ કે જયાં ફરિયાદી રહે છે ત્યાં નવરાત્રીનાં ગરબાનું આયોજન કરેલ હોય, રાત્રીનાં ક.-૧૧:૦૦ વાગ્યાનાં સુમારે તેમની સોસાયટીમાં જૈમીન દરજી, રહે.આબુરોડ, હનુમાન ટેકરી, પાલનપુરવાળો તથા તેની સાથે બીજા ચાર જણા ફરિયાદીની સોસાયટીમાં ગરબા જોવા આવેલા. તે વખતે ફરિયાદી, તેમના નાના ભાઈ સુરેશ દેસાઈ તથા અર્જુન ઈશ્વરસિંહ સોલંકી ત્યાં હાજર હતા. આ જૈમીન દરજી અને તેની સાથેનાં ચાર જણા ગરબામાં આમતેમ આંટા ફેર મારતા હોઈ, ફરિયાદીનાં ભાઈ તથા અર્જુન સોલંકીએ તેઓને ''અહિં કેમ આંટા ફેરા મારો છો. અહિં અજાણી વ્યકિતનો પ્રવેશ બંધ છે. અહિંથી જતા રહો" તેમ કહેતા, તેઓ બધા ઉશ્કરાઈ ગયેલા અને તેઓને ''અમે આમ જ ફરીએ છીએ. તમને જોઈ લઈશું" તેમ જણાવેલું. આ ચારેય જણા નશો કરેલ હતા અને તેઓ ગરબાની જગ્યાએથી જતા રહેલા. ત્યારબાદ અજાણી વ્યકિતએ અર્જુન સોલંકીનાં મોબાઈલ ઉપર સામેથી નં.૭૪૮૬૮૫૯૨૨૮ ઉપરથી ફોન કરેલો અને તેઓને શ્રી આર્કેડ કોમ્પ્લેક્ષમાં બોલાવેલા. તેથી ફરિયાદીનો ભાઈ અને અર્જુનભાઈ સોલંકી બન્ને ત્યાં ગયેલા. ત્યાં આરોપી નં.(૧) તથા જૈમીન દરજી વિગેરે પાંચથી છ જણા ઉભા હતા અને તેઓએ ફરિયાદીનાં ભાઈને તથા અર્જુનભાઈ સોલંકીને ગડદાપાટુનો માર મારેલો. તેથી તે બન્ને જણાએ આવીને ફરિયાદીને વાત કરતા, તેઓ આરોપીઓને ઠપકો આપવા માટે ગયેલા. તે વખતે આ કામના આરોપીઓ તથા જૈમીન દરજી વિગેરે પાંચ-છ જણા હાથમાં ધારદાર હથિયાર લઈને ત્યાં ઉભા હતા. ફરિયાદી તેઓને ઠપકો આપવા જતા, તે તમામ ફરિયાદીને માં-બહેન સામી ભુંડી ગાળો બોલવા લાગેલા. તેથી ફરિયાદીએ તેઓને ગાળો બોલવાની ના પાડતા, તે તમામ આરોપીઓ પૈકી કોઈકે ફરિયાદીને જમણી તરફ પેટની નીચે કમર પાસે ધારદાર છરી મારેલી. તેથી ફરિયાદી, તેમનો ભાઈ અને અર્જુન ત્રણેય જણા બચવા માટે ત્યાંથી ભાગેલા. તે વખતે આરોપીઓ ''ઉભા રહો, તમોને જાનથી પતાવી દેવાના છે" તેવી ધમકીઓ આપવા લાગેલા, તેથી ફરિયાદી, તેમનાં ભાઈ અને અર્જુન ત્રણેય દુર જતા રહેલા. ફરિયાદીને છરી વાગેલ હોવાથી તેમને લોહી નિકળતુ હોય, તેમનાં ભાઈ સુરેશભાઈ તથા અર્જુનસિંહ સોલંકી બન્ને જણા તેમને પાલનપુર ડોકટર હાઉસમાં દેસાઈ હોસ્પિટલમાં સારવાર કરાવવા માટે લઈ ગયેલા. તેમનાં ભાઈને વધુ વાગેલ ન હોય તેમણે સારવાર કરાવેલી નહીં. ફરિયાદી સારવાર હેઠળ હોય અને ભાનમાં હોય, તેમણે ઉપરોકત બનાવ

અંગેની પોલીસ સ્ટેશને લેખિત અરજી મોકલાવેલી. તે બનાવ બાબતે ફરિયાદીએ હાલની ફરિયાદ આપેલી.

(૨) ફરિયાદીએ ઉપર મુજબની વિગતે આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદ આપતા, તે ફરિયાદ અન્વયે પાલનપુર શહેર પશ્ચિમ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર. નં.૯૯/૨૦૧૬ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૩૨૪, ૨૯૪(ખ), ૫૦૬(૨) તથા ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો નોંધવામાં આવેલ. ત્યારબાદ સદરહુ ગુનાની તપાસ દરમ્યાન તપાસ કરનાર અમલદારશ્રીએ તપાસનાં કામે બે પંચોની હાજરીમાં ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલું. તેમણે લાગતા–વળગતા સાહેદોનાં નિવેદનો તેઓનાં લખાવ્યા મુજબનાં લખી લીધેલા. તેમણે બે પંચોની હાજરીમાં આરોપી નં.(૧), (૨) નાઓની તથા કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર આરોપી નં.(૩) નાઓને અટક કરી, તેઓની શરીરસ્થિતીનું તથા આરોપી નં.(૨) પાસેથી ગુનામાં વાપરેલ છરી કબજે કર્યા અંગેનું વિગતવારનું પંચનામું કરેલું. બનાવ વખતે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, બનાસકાંઠા નાઓનું હથિયારબંધીનું જાહેરનામું અસ્તીત્વમાં હોય, તપાસ કરનાર અમલદારશ્રીએ હથિયારબંધીનું જાહેરનામાની નકલ મેળવી તપાસના કામે સામેલ રાખેલી. ત્યારબાદ આરોપી નં.(૧), (૨) નાઓએ યોગ્ય રકમનાં જામીન રજુ કરતા, તપાસ કરનાર અમલદારશ્રીએ તેમને જામીન મુકત કરેલા. તેમણે ફરિયાદીની સારવાર અંગેનું સર્ટીફીકેટ મેળવી તપાસનાં કામે સામેલ રાખેલું. ત્યારબાદ તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતા, તપાસ કરનાર અમલદારશ્રીએ આ કામના આરોપીઓ વિરૂધ્ધમાં પાલનપુરનાં વિધ્વાન ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રી નાઓની કોર્ટમાં ફોજદારી કેસ નં.૮૮૭/૨૦૧૭ થી હાલના કેસની ચાર્જશીટ દાખલ કરેલ.

વધુમાં આ કેસની ચાર્જશીટ ધ્યાને લેતા આ કામનાં આરોપીઓ પૈકી અન્ય આરોપી નં.(૧) ગૌરવસિંહ નારણસિંહ વાઘેલા, રહે.સરસ્વતીનગર સોસાયટી, અમદાવાદ પુલનાં છેડે, પાલનપુરનાઓ તથા નં.(૨) નિહારકુમાર શૈલેષભાઈ માળી (સોલંકી), રહે.દેવસૃષ્ટિ સોસાયટી, નવાગંજની પાછળ, ડેરી રોડ, પાલનપુરનાઓ સગીર વયના અને કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકો હોય, તપાસ કરનાર અમલદારશ્રીએ તેઓની વિરૂધ્ધ બાળ અદાલત, પાલનપુરમાં અલગથી ચાર્જશીટ કરેલું.

(૩) સદર કામના આરોપીઓ પૈકી આરોપી નં.(૩) વિપુલ અમૃતલાલ ઓડનુ અવસાન થયેલુ છે અને તેમના મરણનો દાખલો સદર કામે આંક-૨૧થી રજુ થયેલ છે. જે મરણનો દાખલો અમદાવાદ મ્યુ. કોર્પોરેશન, વોર્ડ-થલતેજ તરફથી ઇસ્યુ થયેલ છે, તે મુજબ મજકુર આરોપી નં.(૩) તા.૫/૪/૨૦૧૯ના રોજ સ્ટર્લીંગ હોસ્પિટલમાં અવસાન પામેલ હોઇ તેઓ પુરતો કેસ એબેટ કરી અને બાકીના આરોપીઓ સામે કેસની ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) આરોપીઓ સામે કેસ રજીસ્ટરે લીધા બાદ આરોપીઓને સમન્સ કરી કોર્ટ સમક્ષ હાજર રખાવતા તેઓને સી.આર.પી.સી. કલમ-૨૦૭ અન્વયે વિના મૂલ્યે પોલીસ પેપર્સની નકલો પુરી પાડયા બાદ આરોપીઓ સામે આંક-૦૪થી તહોમતનામુ ફરમાવેલ અને આંક-૫ અને ૬ તળે આરોપીઓના નિવેદન નોંધતા જેમાં આરોપીઓએ આક્ષેપિત ગુનાનો ઇન્કાર કરતા હાલના ગુના સબંધેની ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૫) ત્યારબાદ ફરીયાદપક્ષ તર્ફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ નોંધવામાં આવેલ છે.

(અ) મૌખિક પુરાવા :-

| અ.નં. | આંક | સાહેદોના નામ |
|---|---|---|
| (૧) | ૦૯ | ફરીયાદી/ઇજાપામનાર મહેશભાઇ છગનભાઇ દેસાઇની જુબાની. |
| (૨) | ૧૪ | બનાવ નજરે જોનાર સાહેદ સુરેશભાઈ છગનભાઈ દેસાઈની જુબાની. |
| (૩) | ૧૫ | બનાવ નજરે જોનાર સાહેદ અર્જુનસિંહ ઈશ્વરસિંહ સોલંકીની જુબાની. |
| (૪) | ૨૩ | ગુનાવાળી જગ્યાનાં પંચ સાહેદ હેમરાજજી નરસંગજી ઠાકોરની જુબાની. |
| (૫) | ૨૫ | ગુનાવાળી જગ્યાનાં પંચ સાહેદપીયુષકુમાર મોતીલાલ પ્રજાપતિની જુબાની. |
| (૬) | ૨૬ | બનાવ નજરે જોનાર સાહેદ જયમીન પ્રકાશચંદ્ર દરજીની જુબાની. |
| (૫) | ૩૦ | બનાવ નજરે જોનાર સાહેદ સુફીયાનખાન ઈર્શાદખાન પરમારની જુબાની. |
| (૬) | ૩૧ | હીયર-સે સાહેદ સચિનભાઈ બાબુભાઈ મોલેસલામની જુબાની. |
| (૭) | ૩૪ | સારવાર આપનાર ડોકટર ડી.બી.જૈનની જુબાની. |
| (૮) | ૪૬ | તપાસ કરનાર અમલદાર મહેન્દ્રકુમાર હરીલાલ પરાડીયાની જુબાની. |
| (૯) | ૪૯ | તપાસ કરનાર અમલદાર ભરતભાઈ નવગણ ભાઈ મોઢવાડીયાની જુબાની. |
| (૧૦) | ૬૪ | બનાવ નજરે જોનાર સાહેદ નિસર્ગભાઇ વસંતભાઇ ગૌસ્વામીની જુબાની. |

(અ) દસ્તાવેજી પુરાવા :-

| | | |
|---|---|---|
| (૧) | ૧૦ | ફરીયાદીએ તા.૧૦/૧૦/૨૦૧૬ના રોજ બનાવ બાબતે પાલનપુર શહેર પશ્ચિમ પો.સ્ટેશનમાં આપેલ અરજી. |
| (૨) | ૧૧ | ફરીયાદીની ફરીયાદ. |
| (૩) | ૨૪ | ગુનાવાળી જગ્યાનાં પંચનામાની ખરી નકલ. |
| (૪) | ૩૫ | મહેશભાઈ છગનભાઈ દેસાઈનાં સારવાર અંગેનું સર્ટીફીકેટ. |

(૫) ૩૬ મહેશભાઈ છગનભાઈ દેસાઈનાં ઓ.પી.ડી. કેસ પેપર્સ.
(૬) ૫૦ ગુનાની તપાસ સોંપ્યા અંગેનો સુચિપત્ર.
(૭) ૫૧ આરોપી નં.(૧) અને (૨)નાઓની શરીર સ્થિતીનાં તથા આરોપી નં.(૨) પાસેથી આક્ષેપિત ગુનામાં વાપરેલ હથિયાર છરી કબજે કર્યા અંગેનું પંચનામું.
(૮) ૫૨ તપાસ કરનાર અમલદારશ્રીએ ફરિયાદીનું મેડીકલ સર્ટીફીકેટ મેળવવા માટે પર મેડીકલ ઓફીસર શ્રી, સિવિલ હોસ્પિટલ, પાલનપુર નાઓને કરેલ રિપોર્ટ.
(૯) ૫૩ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, બનાસકાંઠાનાં હથિયારબંધીનાં જાહેરનામાની નકલ.
(૧૦) ૫૪ પાલનપુર શહેર પશ્ચિમ પોલીસ સ્ટેશનનાં પી.એસ.આઈ.શ્રીએ સી.ડી.આર.ની માહિતી મેળવવા માટે નાયબ પોલીસ અધિક્ષકશ્રી, પાલનપુર નાઓને લખેલ પત્ર.
(૧૧) ૫૫ આરોપીએ સાહેદ અર્જુનસિંહને ફોન કરેલ હોવા બાબતેની કોલ ડીટેઈલ.
(૧૨) ૬૫ મહેશભાઈ છગનભાઈ દેસાઈ નાઓએ પાલનપુર મુકામે દેસાઈ હોસ્પિટલમાં સારવાર લીધેલ હોવા અંગેનાં સર્ટીફીકેટની ખરી નકલ.

ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી પુરાવો પૂર્ણ થયેલ હોવાનુ જાહેર કરેલ છે.

(૬) ઉપર મુજબના લેખિત અને મૌખિક પુરાવા રજુ થયા બાદ ક્રિ.પ્રો.કો. કલમ–૩૧૩ અન્વયેનુ પ્રત્યેક આરોપીનુ વિશેષ નિવેદન તેમની પ્લી લગત નોંધેલ છે. જેમાં આરોપીઓએ ફરીયાદપક્ષના પુરાવાનો મહદ્અંશે ઈન્કાર કરેલ છે અને તેઓએ સોગંદ ઉપર જુબાની આપવાનો તેમજ બચાવમાં કોઇ પુરાવો રજુ કરવા અંગેનો ઈન્કાર કરી વિશેષમાં જણાવેલ છે કે, ''આવો કોઇ બનાવ બન્યો ન હોવાછતાં ખોટી ફરીયાદ દાખલ કરેલ છે અને ખોટુ ચાર્જશીટ કરેલ છે''.

(૭) ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રીની તથા બચાવપક્ષ તર્ફે વિ.વકિલ શ્રીની વિસ્તૃતપૂર્વકની દલીલો સાંભળી.

(૮) આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત થાય છે.

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ગઈ તા.૦૮/૧૦/૨૦૧૬ના રોજ આશરે રાત્રીના સમયે કાયદાનાં સંઘર્ષમાં આવતા આરોપી નં.(૪) તેમનાં મિત્રો સાથે પાલનપુર મુકામે સુયોગ બંગ્લોઝમાં ગરબા જોવા ગયેલા, ફરિયાદીનાં ભાઈ સુરેશભાઈ છગનભાઈ દેસાઈ અને અર્જુનસિંહ ઈશ્વરસિંહ સોલંકીએ તેઓને "સોસાયટીમાંથી કેમ નિકળ્યા છો?"

તેમ કહેતા, કાયદાનાં સંઘર્ષમાં આવતા કિશોર આરોપી નં.(૩) સાથે બોલાચાલી કરી, ત્યારબાદ કાયદાનાં સંઘર્ષમાં આવતા આરોપી નં.(૩) સાહેદ અર્જુનસિંહને ફોન કરીને પાલનપુર મુકામે હનુમાન ટેકરી પાસે શ્રી આર્કેડમાં બોલાવી, આરોપી નં.(૧) અને (૨)ની સાથે મળી સાહેદ સુરેશભાઈ અને અર્જુનસિંહને ગડદાપાટુનો માર મારી, તેમજ ફરિયાદી આ ઝઘડા બાબતે ઠપકો આપવા જતા, આરોપી નં.(૧) અને (૨) નાઓએ તથા કાયદાનાં સંઘર્ષમાં આવતા આરોપી નં.(૫) નાઓએ ફરિયાદીને ભુંડી ગાળો બોલી, તેમને ગડદાપાટુનો માર મારી તેમજ તે વખતે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, બનાસકાંઠાનાઓનું હથિયારબંધીનું જાહેરનામું અસ્તીત્વમાં હોવાનું જાણવા છતાં આરોપી નં.(૨)નાએ પ્રાણઘાતક હથિયાર છરી ધારણ કરી, તે છરી ફરિયાદીનાં પેટમાં મારી તેમને ગંભીર પ્રકારની ઈજા પહોંચાડેલી. તેમ કરી આ કામનાં આરોપીઓએ કાયદાનાં સંઘર્ષમાં આવતા કિશોર આરોપી નં.(૫) સાથેની મદદગારીમાં ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૩૨૪, ૫૦૬(૨), ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૯) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

<u>પુરાવાના મૂલ્યાંકનના સર્વ સામાન્ય સિધ્ધાંત</u> :–

(૧૦) ફરીયાદપક્ષના પુરાવાનુ મૂલ્યાંકન કરતા પહેલા અત્રે ઉલ્લેખનીય છે કે, ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત અનુસાર આરોપી વિરૂધ્ધનો ગુનો જયાં સુધી નિ:શંકપણે પુરવાર ન થાય ત્યાં સુધી આરોપી નિર્દોષ છે તેવુ કાયદાનુ અનુમાન છે. સાથેસાથે એક એવુ પણ અનુમાન છે કે, જે સાહેદ વીટનેશ બોકસમાં આવી કોર્ટ રૂબરૂ સોગંદ ઉપરનો પુરાવો આપે છે તે

સત્ય હકિકત જણાવે છે. પુરાવાનુ મૂલ્યાંકન કરવા અંગેની કાયદામાં કોઇ ચોકકસ માર્ગદર્શીકા નથી, પરંતુ દરેક કેસના અને હકિકતના સંદર્ભે રજુ થયેલા પુરાવાનુ મૂલ્યાંકન કરવાનું રહે છે.

મુદા નં.(૧)ના નિર્ણય માટેના કારણો :-

આ કામે ફરીયાદપક્ષે સૌપ્રથમ ફરીયાદી, સાહેદો, પંચસાહેદો, તબીબી સાહેદ અને ત્યારબાદ ત.ક.અ.શ્રીઓનો પુરાવો નીચે મુજબ નોંધ્યા બાદ જેનુ વિગતવારનુ મૂલ્યાંકન કરવામાં આવેલ છે.

ફરીયાદીનો પુરાવો :-

(૧૧) આ કામે ફરીયાદપક્ષ તરફથી આંક-૦૯થી ઈજા પામનાર ફરીયાદી મહેશભાઇ છગનભાઇ દેસાઇ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ તા.૦૮/૧૦/૨૦૧૬નાં રોજ સુયોગ બંગલોઝમાં નવરાત્રી ચાલતી હતી, તે વખતે બે ઈસમો દારૂ પીધેલી હાલતમાં આવેલા હતા જેના નામ ફરીયાદીને હાલ ખબર નથી અને આવીને તેઓ દારૂ પીધેલા હતા અને બોલાચાલ કરતા હતા. તે વખતે રાત્રીના દસ અગીયાર વાગ્યાના સુમારે આ કામના આરોપીઓએ અર્જુન સોલંકીને ફોન કરીને શ્રી આર્કેડ પાસે બોલાવેલા. જેથી ફરીયાદી અને તેમના ભાઇ બન્ને ત્યાં ગયેલા હતા. ત્યાં હાજર ઇસમોએ માર મારેલો હતો. ત્યારબાદ ફરીયાદી સમાધાન માટે ગયેલા. તે વખતે આ કામના આરોપીઓ આવેલા હતા અને ત્યારબાદ ફરીયાદીને હાજર આરોપીઓમાંથી સુનીલે પેટની જમણી બાજુ કમરની પાસે છરી મારેલી. ત્યારબાદ ત્યારબાદ ત્રણેય આરોપીઓ ત્યાંથી ભાગી ગયેલા. ત્યારબાદ ફરીયાદીના ભાઈ સુરેશભાઈ અને અર્જુનસિંહ તેમને સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલા અને ત્યાંથી તેમને દેસાઈ હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલા. જે અંગેની તેમણે પોલીસ ઇન્સપેકટરશ્રીને અરજી આપેલી, સાહેદને આંક-૧૦ વાળી તા.૧૦/૧૦/૨૦૧૬ ની અરજી બતાવતા, તેમાં પોતાની સહી હોવાનું જણાવી તેમણે ઓળખી બતાવેલ છે. ત્યારબાદ દેસાઈ હોસ્પિટલમાં પી.એસ. આઈ.શ્રી વ્યાસ આવતા, તેમની રૂબરૂ તેમણે વિગતવારની ફરિયાદ લખાવેલી. ફરિયાદીને આંક-૧૧ વાળી ફરિયાદ બતાવતા, તેમાં પોતાની સહી હોવાનું જણાવી તેમણે ઓળખી બતાવેલ છે.

સદર ફરીયાદીની બચાવપક્ષે લીધેલ ઉલટતપાસમાં તેમણે એ હકિકતોનો સ્વિકાર કરેલ છે કે, તારીખ આઠમીનો બનાવ બતાવી ફરીયાદીએ તારીખ દસમીના રોજ ફરીયાદ આપેલી. તે

દિવસે ફરીયાદી પોતે ફરીયાદ આપવા ગયેલા નહી. ફરીયાદીએ તેમની તારીખ દસમીની આંક–૧૦ની લેખિત અરજીમાં ફરીયાદીને કોણે છરી મારેલી તેના નામનો ઉલ્લેખ કરેલ નથી. આ અરજી તેમણે જાતે લખેલી નહી તેમના પિતાએ લખેલી હતી કારણ કે ફરીયાદી ભાનમાં ન હતા. બાદમાં ફરીયાદીએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, ભાન હતુ પણ તે એડમીટ થયેલ હોઇ અરજી પિતા પાસે લખાવેલી હતી. આંક–૧૦ની અરજી અન્વયે પોલીસે આંક–૧૧ વાળી તેમની ફરીયાદ લીધેલી હતી. ફરીયાદમાં તેમણે જે જૈમીનભાઇ દરજીનુ નામ લખાવેલ છે તેનુ નામ કમી કરવા માટે ફરીયાદીએ તા.૩/૧/૧૭ના રોજ એફીડેવિટ કરી આપેલ નહુ. જેમાં તેમણે કરેલ સહી ઓળખી બતાવતા જે માર્ક–એથી રજુ થયેલ છે. જૈમીનભાઇના પિતા પોલીસમાં નોકરી કરે છે. તેમજ ફરીયાદીએ એ હકિકતોનો પણ સ્વિકાર કરેલ છે કે, તેમને નવરાત્રીમાં બનાવ બન્યો તેના થોડા કલાક પછીનો આ બનાવ હોઇ તેની આ ફરીયાદ છે. સુયોગ સોસાયટીમાં પચાસથી સાહીઠ મકાન આવેલા છે. નવરાત્રી એ જાહેર ફંકશન છે. ઈજા થતા ફરીયાદી પહેલા સીવિલ હોસ્પિટલમાં ગયેલા. ડોકટરે સારવાર અગાઉ તેમને બનાવની હિસ્ટ્રી બાબતે પુછેલુ. જેમાં નવરાત્રીના ગરબા જોવા ગયેલ ત્યારે એકબીજા મિત્રો સાથે મસ્તી કરતા તેમને પેટની જમણી બાજુના પડખામાં લોખંડનો સળીયો વાગેલો તેવુ લખાવેલુ. વધુમાં ફરીયાદીએ એ હકિકતોનો ઈન્કાર કરેલ છે કે, સીવિલમાંથી તેમને ડીસ્ચાર્જ કરેલ ન હોવાછતાં તેમણે તે તેમની સ્વેચ્છાએ પ્રાઈવેટ દવાખાને જતા રહેલા. બાદમાં ફરીયાદીએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, સોનીગ્રાફી મશીન ન હોઇ તેઓ પ્રાઈવેટ દખાવાને ગયેલા અને જે દવાખાનુ તેમના સમાજના રબારી સાહેબનું છે. તેમજ તેમણે આજરોજ પ્રથમ વખત કોર્ટમાં સુનીલે તેમને છરી મારેલી તે હકિકત જાહેર કરેલી છે. તેમજ હાલની ફરીયાદ બાદ પોલીસે તેમને આરોપીઓ(સુનીલ)ની ઓળખ પરેડ માટે કયારેય કોઇ મામલતદાર કચેરીએ બોલાવેલ નથી. વધુમાં ફરીયાદી કહે છે કે તેવો નવરાત્રીનો બનાવ બનેલ નહી કે અર્જુનભાઇ સોલંકીના ફોન ઉપર કોઇ અજાણ્યા ઈસમનો ફોન આવેલ હોય અને તેઓ શ્રી આર્કેડ ગયેલ હોય અને ત્યાં તેમને છરીથી કોઇએ ઈજા કરેલ હોય તેવુ બનેલ નહી હોવાની હકિકતનો તેમજ તેમને તેમની સોસાયટીમાં ગરબા રમતી વખતે સોસાયટીના લોકો સાથે બોલાચાલી થતા તથા મિત્રો મિત્રો મસ્તી કરતા ત્યાં બાંધેલ સ્ટેજના લોખંડના સળીયાથી પેટના ભાગે ઈજાથયેલ હોવાની હકિકતનો તેમજ તેમણે ફરીયાદ આપેલી હોઇ તેમની ફરીયાદ પુરવાર કરવા માટે સોગંદ ઉપર ખોટી જુબાની આપતા હોવાની હકિકતનો

ફરીયાદીએ ઈન્કાર કરેલ છે. તેમજ તેમણે એ હકિકતોનો સ્વિકાર કરેલ છે કે, તે જૈમીનને ઓળખતા ન હતા તે તેમના ભાઈનો મિત્ર હતો. તે જૈમીનનું નામ લોકોના કહેવાથી લખાવેલુ.

(૧૨) આ કામે ફરીયાદપક્ષ તરફથી આંક-૧૪થી બનાવ નજરે જોનાર સાહેદ સુરેશભાઈ છગનભાઈ દેસાઈ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ આજથી આશરે બે વર્ષ ઉપર નવરાત્રીમાં બનેલો. બનાવનાં દિવસે તેમની સોસાયટીની વચ્ચે આવેલ કોમન પ્લોટમાં ગરબાનો પ્રોગ્રામ ચાલુ હતો અને તેઓ પણ ત્યાં હાજર હતા. તે વખતે ત્રણ ઈસમોએ તેમની સોસાયટીમાં આવી ગયેલા કે જેઓને તેઓ ઓળખતા ન હતા કે ક્યારેય જોયા પણ ન હતા અને તેઓ નશાયુકત હાલતમાં હતા તેવું લાગતુ હતુ. તે વખતે તેમની સાથે તેમનાં મિત્ર અર્જુનસિંહ હતા. તેઓ બન્નેએ આ ઈસમોને કહેલ કે, ''આવી નશાયુકત હાલતમાં અમારી સોસાયટીમાં ગરબા ચાલુ હોઈ ના આવો'' તેમ કહેતા, તે લોકો ત્યાંથી જતા રહેલા. ત્યારબાદ તે ત્રણ ઈસમો પૈકી એક ઈસમનો તેમનાં મિત્ર અર્જુનસિંહ ઉપર ફોન આવેલો અને તેઓએ પોતાને તેમની સાથે વાતચીત કરવી હોવાનું જણાવી અર્જુનસિંહને શ્રી આર્કેડ હનુમાન ટેકરી આવવાનું કહેલું. તેથી સાહેદ અને અર્જુનસિંહ ત્યાં ગયેલા. ત્યારે સોસાયટીમાંથી પરત ગયેલ ત્રણ ઈસમો સાથે બીજા પાંચ સાત માણસો ત્યાં હતા અને તે લોકોએ સાહેદની તથા અર્જુનભાઈ સાથે તકરાર કરતા, તેઓ ત્યાંથી પરત આવી ગયેલા. ત્યારબાદ તેઓએ સોસાયટીમાં પરત ફરીને તે બાબતે મહેશભાઈને તથા સોસાયટીના બીજા મિત્રોને વાત કરેલી. ત્યારબાદ સાહેદ, મહેશભાઈ તથા અર્જુનભાઈ ફરીથી શ્રી આર્કેડમાં ગયેલા. મહેશભાઈએ તે લોકોને સમજાવતા, તેઓ ઉગ્ર થઈ ગયેલા. તે વખતે તેમની સોસાયટીમાં આવેલ ત્રણ ઈસમો પૈકી એક ઈસમે મહેશભાઈ ઉપર છરીનાં ઘા કરેલા. બીજા લોકોએ સાહેદ તથા અર્જુનભાઈ સાથે તકરાર કરેલી, જેમાં સાહેદ પડી ગયેલા. ત્યારબાદ તે લોકો જતા રહેલા. ત્યારબાદ સાહેદ મહેશભાઈને પાલનપુર સિવિલ હોસ્પિટલમાં લઈ જઈ તેમને સારવાર માટે દાખલ કરેલા. બનાવ સંબંધે પોલીસે તેમની પુછપરછ કરી તેમનું નિવેદન લીધેલું. સાહેદે પોતે આરોપીઓને જોયે ઓળખતા હોવાનું જણાવેલ છે.

સદર સાહેદની બચાવપક્ષે લીધેલ ઉલટતપાસમાં તેમણે એ હકિકતોનો સ્વિકાર કરેલ છે કે, તેમની સોસાયટીમાં ૧૦૬ ઘર છે. જેમાં તેઓ દરેક પ્રસંગ તથા તહેવારો ઉજવે છે. બનાવના દિવસે તેઓ નવરાત્રીનો તહેવાર ઉજવતા હતા. તેમાં તેમની આખી સોસાયટીના લોકો એકજ

જગ્યાએ ભેગા થાય છે. બનાવ બન્યો ત્યારે રાત્રીનો સમય હતો. નવરાત્રીમાં મંડપ બાંધવામાં આવે છે અને આજુબાજુ કોર્ડન પણ કરે છે. અર્જુનભાઇ ઉપર જે અજાણ્યા માણસોના ફોન આવેલો તે બાબતે તેમણે તે સમયે પોલીસને જાણ કરેલ નહી. તેમની સોસાયટીથી શ્રી આર્કેડ આશરે દોઢેક કી.મી. દુર છે. વધુમાં મહેશભાઇ મસ્તી કરતા હતા તે સમયે તેમને નવરાત્રીમા મુકેલા સળીયા વાગી જતા ઈજા થયેલ હોવાની હકિકતનો ઇન્કાર કરેલ છે. સાહેદે સ્વેચ્છાએ જણાવેલુ છે કે, મહેશને વાગેલુ હતુ, પરંતુ સારવાર માટે કોઈ હોસ્પિટલવાળા દાખલ કરતા ન હોઈ તે માટે તેમણે આ રીતે લખાવેલુ. તેમજ આરોપીઓ તેમની બાજુની સોસાયટીના રહેવાસી હોવાનો ઇન્કાર કરેલ છે. સાહેદે સ્વેચ્છાએ જણાવેલુ છે કે, આરોપીઓ પૈકી કોઈ એક વ્યકિત બાજુની સોસાયટીનો છે. તેમજ તેમને કોઇએ ભુંડી ગાળો બોલેલ નહી હોવાની કે કોઇએ માર મારેલ નહી હોવાનો તેમજ ફરીયાદી તેમના ભાઈ થતચા હોઈ તેને સમર્થન આપવા ખોટી જુબાની આપતા હોવાનો સદર સાહેદે ઇન્કાર કરેલ છે.

(૧૩) આ કામે ફરીયાદપક્ષ તરફથી આંક–૧૫થી બનાવ નજરે જોનાર સાહેદ અર્જુનસીંહ ઇશ્વરસીંહ સોલંકી તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ આજથી આશરે બે વર્ષ ઉપર નવરાત્રીમાં બનેલો. બનાવનાં દિવસે તેમની સોસાયટીની વચ્ચે આવેલ કોમન પ્લોટમાં ગરબાનો પ્રોગ્રામ ચાલુ હતો અને તેઓ પણ ત્યાં હાજર હતા. રાત્રીનાં અગીયારેક વાગ્યે તેઓ પણ ત્યાં હાજર હતા. તે વખતે ત્રણ ઈસમોએ તેમની સોસાયટીની અંદર આવી ગયેલા, જેઓને સાહેદ ઓળખતા ન હોય પરંતુ તેઓને અવાર–નવાર જોયેલા હોય, તેમણે તેઓને "શું કામ સોસાયટીમાં આવેલ છો?" તેમ પુછતા, તેઓએ પોતે નવરાત્રી જોવા આવેલ હોવાનું જણાવેલું. તેથી સાહેદે તેઓને બીજી સોસાયટીનાં લોકોને અમારી સોસાયટીમાં આવવાની પરવાનગી નથી" તેમ કહેતા, તેઓ જતા રહેલા. ત્યારબાદ આશરે પંદરેક વીસ મીનીટ પછી તે લોકોનો સાહેદ ઉપર ફોન આવેલો અને તેઓએ તેમને શ્રી આર્કેડ, હનુમાન ટેકરીએ મળવા માટે બોલાવેલા. તેથી સાહેદ તથા સુરેશભાઈ તેમનાં મિત્ર સાથે તેઓને મળવા માટે ગયેલા. ત્યાં દસેક લોકો ઉભા હતા અને તે દસ લોકોમાં તેમની સોસાયટીમાં આવેલા પાંચ લોકો પણ હતા. તેમને તેઓએ બહાર ઉભા રહેવા જણાવેલું અને સુરેશભાઈને અંદર આવવા જણાવેલું. તેથી સાહેદ બહાર ઉભા રહેલા અને સુરેશ આર્કેડની અંદર ગયેલો. તે વખતે તેમણે 'શું કામ સુરેશભાઈને અંદર લઈ જાઓ છો?" તેમ પુછતા, તે લોકો સુરેશભાઈને છોડીને સાહેદ પાસે

આવેલા અને તેઓ પૈકી એક વ્યક્તિએ સાહેદને પેટનાં ભાગે ફેંટ મારેલી. ત્યારબાદ તેઓ અને સુરેશભાઈ ત્યાંથી નિકળી ગયેલા અને સોસાયટીમાં આવીને તેમણે સુરેશભાઈનાં મોટાભાઈ મહેશભાઈને આ બાબતે વાત કરેલી. તેથી મહેશભાઈએ ત્યાં મળવા માટે જવાનું કહેતા, તેઓ, સુરેશભાઈ અને મહેશભાઈ શ્રી આર્કેડ ગયેલા. ત્યાં કોઈ હાજર ન હોય તેઓએ ત્યાં પંદર વીસ મીનીટ રાહ જોયેલી. તેઓ ત્યાંથી પાછા આવતા હતા ત્યારે શ્રી આર્કેડનાં ઢાળ પાસે તેઓને તે લોકો મળેલા. તેથી મહેશભાઈએ સાહેદને "આ લોકોમાંથી કોણે તને ફેંટ મારેલી?'' તેમ પુછતા, તેમણે ઈશારો કરેલો. તે દરમ્યાન તરત જ તે લોકો પૈકી એક વ્યકિતએ મહેશભાઈને પેટનાં ભાગે છીરી મારેલી અને ત્યારબાદ તેઓ ત્યાંથી નિકળી ગયેલા. મહેશભાઈને વાગેલ હોવાથી તેઓ તેમને સિવિલ હોસ્પિટલે લઈ ગયેલા અને ત્યાંથી તેમને દેસાઈ હોસ્પિટલે લઈ ગયેલા. તેમને તેમનાં મોબાઈલ નં.૮૨૩૮૯૪૪૮૪૮ ઉપર ફોન આવેલો. બનાવ તેમણે નજરે જોયેલો. તેમણે મહેશભાઈને છરી મારનારને નજરો નજર જોયેલ હતો. તેમણે ટોળા પૈકી આરોપી નં.(૧)ને ઓળખેલ હતા. બનાવ સંબંધે પોલીસે તેમની પુછપરછ કરી તેમનું નિવેદન લીધેલું.

સદર સાહેદની બચાવપક્ષે લીધેલ ઉલટતપાસમાં તેમણે એ હકિકતોનો સ્વિકાર કરેલ છે કે, તેમની સોસાયટીમાં રહેતા લોકો દરેક તહેવાર ભેગા મીને ઉજવે છે. તેમની સોસાયટીમાં તેઓ બહારના લોકોને આવવા દેતા નથી. નવરાત્રીમાં પણ તેઓ કોઇ અજાણ્યા માણસને સોસાયટીમાં આવવા દેતા ન હતા. બહારના વ્યકિતને રોકવા માટે કોઇને ગેટ ઉપર રાખતા ન હતા. વધુમાં અજાણી વ્યકિત તેમની સોસાયટીમાં આવે તો તેને દાદાગીરી સાથે બહાર કાઢી મુકતા હોવાની હકિકતનો, તેમજ જો કોઇ વ્યકિત તેમની વાત ન માને તો તેની સામે ખોટી ફરીયાદ કરતા હોવાની હકિકતનો, તેમજ ફરીયાદમાં તેમની સોસાયટીની એક વ્યકત ફરીયાદી થઇ જાય અને બીજા ચાર ઇસમો સાહેદો થઇ જાય તે હકિકતનો, તેમજ તેમણે દવાખાને હીસ્ટ્રીમાં એવુ લખાવેલ કે મહેશભાઇ મસ્તી કરતા હતા તે વખતે પડી જવાથી તેમને સળીયો વાગવાથી ઈજા થયેલ હોવાની હકિકતનો, તેમજ તેમના ઉપર ફોન આવ્યાની વાત અને તેઓ શ્રી આર્કેડ જવાની વાત પોલીસને કરેલ નહી હોવાની હકિકતનો તથા આ કામના ફરીયાવદી તેમની મિત્ર હોવાથી અને એકજ સોસાયટીના હોવાથી હાલની સોગંદ ઉપર ખોટી જુબાની આપતા હોવાની હકિકતનો તથા તેમને કોઇએ માર મારેલ નહી હોવાની હકિકતનો સદર સાહેદે ઇન્કાર કરેલ છે.

(૧૪) આ કામે ફરીયાદપક્ષ તરફથી આંક–૨૬થી બનાવ નજરે જોનાર સાહેદ જૈમીન પ્રકાશચન્દ્ર દરજી તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, આશરે ત્રણેક વર્ષ પહેલા પોલીસ તેમની પાસે આવીને તેમને આ કામના ફરીયાદી મહેશ છગનભાઇ દેસાઇ સુયોગ બંગલોઝવાળાએ ફરીયાદ આપેલી. તે બાબતે પુછતા તેમણે તે વખતે પોલીસને તેમણે કહેલ કે આ ફરીયાદ તથા બનાવ બાબતે તે કઇ જાણતા નથી એટલુ કહેતા પોલીસ જતી રહેલી. આમ સદર સાહેદે ફરીયાદપક્ષના કેસની હકિકતોને લેશમાત્ર સમર્થન કરેલ ન હોઇ તેમને ફરીયાદપક્ષે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલ છે. તેમજ વિ.એ. પી.પી. શ્રીએ ફરીયાદીની લેવામાં આવેલ ઉલટતપાસ આધારે પણ ફરીયાદપક્ષના કેસની હકિકતોને સમર્થનકારક હકિકતો રેકર્ડ ઉપર આવેલ નથી.

સદર સાહેદની બચાવપક્ષે લીધેલ ઉલટતપાસમાં તેમણે એ હકિકતનો સ્વિકાર કરેલ છે કે, બનાવ તેમણે નજરે જોયેલ નથી.

(૧૫) આ કામે ફરીયાદપક્ષ તરફથી આંક–૩૦થી બનાવ નજરે જોનાર સાહેદ સુફીયાન ઇર્શાદઅલી પરમાર તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ આજથી ત્રણેક વર્ષ પહેલા બનેલો. તે વખતે તે તથા તેમના મિત્ર જૈમીન દરજી તથા ગૌરવનાઓ ગરબા જોઇને સુયોગ બંગલોઝના રસ્તામાંથી નીકળતા હતા ત્યારે કોઇક બે જણાએ તે લોકોને ઉભા રાખેલા અને પુછેલ કે તમે લોકો કેમ આંટા મારો છો જેથી ગૌરવે આ બે જણાને કહેલ કે તમે કોણ છો પુછવાવાળા. આમ કહેતા ગૌરવ અને તેની સાથેના મિત્ર આ બે જણા સાથે ગાળાગાળી થયેલી. આ બે જણા કોણ હતા તેની તેમને ખબર નથી. બનાવ બન્યાના બીજા દિવસે તેમને જાણવા મળેલ કે ગૌરવ તથા તેના મિત્રને કોઇને જોડે ઝઘડો થયેલો હતો. આ સિવાય બીજુ કઇ તે જાણતા નથી.

સદર સાહેદની બચાવપક્ષે લીધેલ ઉલટતપાસમાં તેમણે એ હકિકતનો સ્વિકાર કરેલ છે કે, આ બે જણાને ગાળાગાળી કરેલી તે કોણ છે તેની તેમને ખબર નથી.

(૧૬) આ કામે ફરીયાદપક્ષ તરફથી આંક–૩૧થી હીયર–સે સાહેદ સચિનભાઇ બાબુભાઇ માલેસલામ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ પાંચ–છ વર્ષ પહેલા નવરાત્રીનાં સમયે બનેલો. ત્યારે સાહેદ તથા તેમનો મિત્ર વિપુલ પાલનપુર ઓડવાસ પાસે

ગરબા રમતા હતા અને રાતના અગીયાર બાર વાગે વિપુલે કહેલ કે સુનીલ બોલાવે છે ત્યાં જઉ છુ તેથી સદર સાહેદ તેને તેમના મો.સા. ઉપર લઇને નીકળેલો અને હનુમાન ટેકરી પાસે ગયેલા અને ત્યાંથી સુખડીયા દુકાન સાઇડે ગયેલા અને ત્યાં સુનીલ, સાગર તથા બીજા ઘણા માણસો વચ્ચે ઝઘડો ચાલતો હતો અને સદર સાહેદ ત્યાં વિપુલને ઉતારીને તેમનુ મોટર સાયકલ લઇને જતા રહેલ અને ઘરે જઇને સુઇ ગયેલ. બે-ત્રણ દિવસ બાદ તેમને જાણવા મળેલ કે સાગર દેસાઇ તથા સુનીલ અને બીજા માણસોને ઝઘડો થયેલો. આ સિવાય બીજુ કઇ તે જાણતા નથી.

સદર સાહેદની બચાવપક્ષે લીધેલ ઉલટતપાસમાં તેમણે એ હકિકતનો સ્વિકાર કરેલ છે કે, બનાવ તેમણે નજરે જોયેલ નથી. પોલીસે પાછળથી તેમનુ નામ ઠામ અને મોબાઇલ નંબર પુછેલો. પોલીસે જાતે નિવેદન લખેલુ.

(૧૭) આ કામે ફરીયાદપક્ષ તરફથી આંક-૬૪થી બનાવ નજરે જોનાર સાહેદ નિસર્ગભાઇ વસંતભાઇ ગૌસ્વામી તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, સને-૨૦૧૭ના અરસામાં નવરાત્રીનો સમય હતો. તે વખતે રાત્રીએ સદર સાહેદ તથા તેમના મિત્ર ગૌરવભાઇ વાઘેલા, ભાવિકભાઇ પંચાલ, સફીયાન પરમાર અને અન્ય એક મિત્ર એમ પાંચેય મિત્રો નવરાત્રીના ગરબા જોવા ગયેલા. તે વખતે આ ગૌરવની સાથે કોઇ અજાણ્યા માણસોએ ઝઘડો કરેલો અને ત્યારબાદ ફરીવાર પણ મોડી રાત્રે તેઓનો ઝઘડો થયેલો. જેમાં કોણે કોને શું મારેલ અને કોને શું ઇજા થયેલ તેની તેમને કોઇ માહિતી નથી. આથી વિશેષ તેમણે કઇ લખાવેલ નથી. સદર સાહેદે ફરીયાદપક્ષના કેસની હકિકતોને લેશમાત્ર સમર્થન કરેલ ન હોઇ તેમને ફરીયાદપક્ષે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલ છે. તેમજ વિ.એ. પી.પી. શ્રીએ ફરીયાદીની લેવામાં આવેલ ઉલટતપાસ આધારે પણ ફરીયાદપક્ષના કેસની હકિકતોને સમર્થનકારક હકિકતો રેકર્ડ ઉપર આવેલ નથી.

પંચસાહેદોનો પુરાવો :-

(૧૮) વધુમાં આ કામે ફરીયાદપક્ષે આંક-૨૩થી હેમરાજજી નરસંગજી ઠાકોરને તથા આંક-૨૫ થી પીયુષકુમાર મોતીલાલ પ્રજાપતિને સોગંદ ઉપર તપાસેલ છે, જે બન્ને સાહેદો ગુનાવાળી જગ્યાના પંચસાહેદો છે. તેઓની સરતપાસની જુબાની આધારે આ કામે આંક-૨૪થી રજુ થયેલ

સબંધિત પંચનામામાં તેઓએ કરેલ સહી ઓળખાવ્યાથી વિશેષ કોઈ પુરાવો આપેલ ન હોઈ તે રીતે સબંધિત પંચનામાની હકિકતોને કે ફરીયાદપક્ષના કેસની હકિકતોને લેશમાત્ર સમર્થન કરેલ ન હોઈ મજકુર બન્ને પંચસાહેદોને ફરીયાદપક્ષે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કર્યા બાદ વિ.એ.પી.પી.શ્રીએ તેઓની લીધેલ ઉલટતપાસમાં પણ સબંધિત પંચનામાની કે ફરીયાદપક્ષના કેસની હકિકતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી. ઉપરાંત સદર બન્ને પંચસાહેદોની બચાવપક્ષે લીધેલ ઉલટતપાસ દરમ્યાન તેઓ પંચનામા બાબતે કંઈ જાણતા ન હોવાની સ્વિકૃત હકિકતો રેકર્ડ ઉપર આવેલ હોઈ જેથી ફરીયાદપક્ષ સ્વતંત્ર અને તટસ્થ પંચસાહેદોની જુબાની આધારે આંક–૨૪થી રજુ થયેલ ગુનાવાળી જગ્યાના પંચનામાની હકિકતો પુરવાર કરી શકેલ નથી.

<u>તબીબી ડોકટર સાહેદનો પુરાવો :–</u>

(૧૯) આ કામે ફરીયાદપક્ષ તરફથી આંક–૩૪થી ફરીયાદીની તબીબી સારવાર કરનાર ડો.ડી. બી.જૈન તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા.૯/૧૦/૧૬ના રોજ તે મેડીકલ ઓફીસર તરીકે પોતાની ઈમરજન્સી ફરજ ઉપર પાલનપુર સીવિલના ટ્રોમા સેન્ટર ખાતે હાજર હતા ત્યારે મારામારીથી ઈજા પામેલ દર્દી મહેશભાઈને તે દિવસે વહેલી સવારના ક.૧૨:૩૦ વાગે તેના મિત્રો સાથે પાલનપુર સીવિલમાં સારવાર માટે લાવેલ હતા. દર્દી સભાન અવસ્થામાં અને મૌખિક સુચનાઓનુ અમલ કરી શકે તેમ હતા. દર્દીએ જણાવેલ કે તા.૯/૧૦/૧૬ના રોજ મિત્રો સાથે નવરાત્રીના ગરબા જોવા ગયેલ. તે વખતે મિત્રો સાથે મસ્તી કરતા તેમને લોખંડનો સળીયો પેટના જમણી બાજુના પડખામાં વાગેલુ. તેમજ દર્દીએ પોતાને વાગેલ હતુ ત્યાં દુખાવાની તથા લોહી આવવાની તેમને ફરિયાદ કરેલી. તેમણે દર્દીને તપાસતા, દર્દીને (૧) પેટની જમણી બાજુનાં પડખામાં આશરે ૬ સે.મી. લાંબો અને વચ્ચેથી બે થી ત્રણ સે.મી. પહોળો એક કપાયેલો ઘા મસલ્સ સુધી ઉંડો જોવા મળેલો અને તે ત્રાક આકારનો ઉભો અને માર્જીન કટ જોવા મળેલો. દર્દીને થયેલ આ ઈજા કોઈ ધારદાર વસ્તુથી થઈ શકે તેવી હતી અને તે ઈજા બે કલાકની અંદરની હતી. આ ઈજા સાદી અને કોઈ તકલીફ ન થાય તો દસ થી ચૌદ દિવસમાં મટી શકે તેવી હતી. તેમણે દર્દીને અંદરનાં દર્દી તરીકે દાખલ થવાની સલાહ આપેલી, પરંતુ તેણે અંદરનાં દર્દી તરીકે દાખલ થવાની ના પાડેલી. તેથી તેમણે દર્દીને બહારનાં દર્દી તરીકે સારવાર આપેલી. તેમણે દર્દીને સારવાર આપ્યા બાબતનું પોતાનાં હસ્તાક્ષરમાં સર્ટીફીકેટ

આપેલું અને તેમાં પોતાની સહી અને સિકકો કરેલો. સાહેદનુ આંક–૩૫ વાળુ મેડીકલ સર્ટીફીકેટ બતાવતા, તે તે જ હોવાનું જણાવી તેમણે ઓળખી બતાવેલ છે. તેમજ તેમણે આંક–૩૬ થી દર્દીનાં ઓ.પી.ડી. કેસ પેપર્સ રજુ કરેલ છે.

સદર તબીબી સાહેદની બચાવપક્ષે લીધેલ ઉલટતપાસમાં તેમણે એ હકિકતનો સ્વિકાર કરેલ છે કે, ઈજા સાદા પ્રકારની હતી. દર્દીએ જે હીસ્ટ્રી આપેલ તે મુજબ આ પ્રકારની ઈજાઓ થઈ શકે તેવા પ્રકારની ઈજા હતી.

તપાસ કરનાર અમલદાર શ્રીઓનો પુરાવો :–

(૨૦) આ કામે ફરીયાદપક્ષ તરફથી આંક–૪૬થી ત.ક.અ.શ્રી મહેન્દ્રકુમાર હરીલાલ પરાડીયા તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, વર્ષ ૨૦૧૬નાં અરસામાં તેઓ પાલનપુર શહેર પશ્ચિમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ ઢુંઢીયાવાડી પોલીસ ચોકીમાં એ.એસ.આઈ. તરીકે પોતાની ફરજ બજાવતા હતા. તે દરમ્યાન તા.૧૦/૧૦/૨૦૧૬ નાં રોજ ગુ.ર. નં.૯૯/૨૦૧૬ થી ઈ.પી.કો. કલમ–૩૨૪, ૩૨૩, ૫૦૬(૨), ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબની મહેશભાઈ ઉર્ફે અમૃતભાઈ વ્હેરભાઈ દેસાઈ, રહે. સુયોગ બંગ્લોઝ, પાલનપુરવાળાએ પી.એસ.ઓ.શ્રી રૂબરૂ જાહેર કરતા, તે ગુનાની તપાસ પી.એસ.ઓ.શ્રી બી.એન.મોઢવાડીયાઓએ સંભાળેલી. પી.એસ.ઓ.શ્રી બી.એન.મોઢવાડીયાએ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલું, તેમણે સાહેદ સુરેશભાઈ છગનભાઈ દેસાઈ, અર્જુનસિંહ ઈશ્વરસિંહ સોલંકી, જયમીનભાઈ પ્રકાશભાઈ દરજી, સુફીયાન ઈરશાદઅલી પરમાર, ભાવિકભાઈ કીરીટભાઈ પંચાલ તથા સચિનભાઈ લાલુભાઈ મોલેસલામ નાઓનાં નિવેદનો તેઓનાં લખાવ્યા મુજબનાં પોતાની રૂબરૂ લખી લીધેલા. વધુમાં આરોપી નં.(૨)નાએ ગુનાનાં કામે ઉપયોગમાં લીધેલ છરી તથા તમો આરોપી નં.(૧) નાઓનું તથા ગૌરવસિંહ નારણસિંહ વાઘેલા નાઓની શરીરસ્થિતીનું પંચનામું તથા મુદ્દામાલ કબજે કર્યાનું વિગતવારનું પંચનામું શ્રી મોઢવાડીયાનાઓએ કરેલું. ત્યારબાદ શ્રી મોઢવાડીયાનાઓની બદલી થતા, સદરહુ ગુનાની આગળની તપાસ તેમને સોંપવામાં આવેલી. તેમણે આરોપી નં.(૩)ને તા.૨૦/૦૧/૨૦૧૭ નાં રોજ અટક કરેલા તેમજ બાળ આરોપી ગૌરવસિંહ નારણસિંહ તથા નિહારકુમાર શૈલેષભાઈ નાઓને જુવેનાઈલ કોર્ટમાં રજુ કરેલા. ત્યારબાદ તેમણે તપાસનાં કામે એમ.એલ.સી. મેળવી,

આરોપીઓ સામે પુરતો પુરાવો જણાઈ આવતા, આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ કરેલું. સાહેદે પોતે આરોપીઓને જોયે ઓળખતા હોવાનું કોર્ટ સમક્ષ જણાવેલ છે.

સદર ત.ક.અ.શ્રીની બચાવપક્ષે લીધેલ ઉલટતપાસ દરમ્યાન પુછેલ સજેશન્સનો તેમણે ઈન્કાર કરેલ છે.

(૨૧) આ કામે ફરીયાદપક્ષ તરફથી આંક–૪૯થી ત.ક.અ.શ્રી ભરતભાઈ નવગણભાઈ મોઢવાડીયા તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, ગઈ તા.૧૦/૧૦/૨૦૧૬ના રોજ તેઓ પાલનપુર શહેર પશ્ચિમ પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઈ. તરીકે પોતાની ફરજ ઉપર હાજર હતા. તે દરમ્યાન પોલીસ સ્ટેશનનાં પી.એસ.ઓ.શ્રીએ ફર્સ્ટ ગુ.ર.નં.૯૯/૨૦૧૬ થી ઈ.પી.કો. કલમ–૩૨૪, ૩૨૩, ૫૦૬(૨), ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનાં ગુનાની તપાસ તેમને સોંપતા, તેમણે તપાસ સંભાળી લીધેલી. સાહેદે આંક–૫૦ થી પોતાને તપાસ સોંપ્યા અંગેનો સુચિપત્ર રજુ કરેલ છે. તેમણે હાલના ગુનાની તપાસ સંભાળી ફરિયાદ વંચાણે લઈ આરોપીઓને ૪૧(૧) મુજબની નોટીસ આપેલી. તેમણે આરોપીઓને અટક કરેલા અને જામીન મુકત કરેલા. તેમણે ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલું. સાહેદને આંક–૨૪ વાળુ પંચનામું બતાવતા, તેમાં બે પંચોની તથા રૂબરૂપણામાં પોતાની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. તેમણે હથિયાર કબજે કર્યા અંગેનું પંચનામું કરેલું. સાહદને આંક–૫૧ વાળુ પંચનામું બતાવતા, તેમાં બે પંચોની તથા રૂબરૂપણામાં પોતાની સહી હોવાનું જણાવી તેમણે ઓળખી બતાવેલ છે. તેમણે સદર કામે લાગતા–વળગતા સાહેદોનાં નિવેદનો તેઓનાં લખાવ્યા મુજબનાં લખી લીધેલા. તેમણે મેડીકલ ઓફીસર, સિવિલ હોસ્પિટલ, પાલનપુર તરફ સારવાર સર્ટીફીકેટ મેળવવા માટે આંક–૫૨ વાળો રિપોર્ટ કરેલો, જેમાં પોતાની સહી હોવાનું જણાવી તેમણે ઓળખી બતાવેલ છે. તેમણે તપાસનાં કામે આંક–૫૩ વાળા જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીનાં હથિયારબંધીનાં જાહેરનામાની નકલ સામેલ રાખેલી. તેમણે સી.ડી.આર. માહિતી બાબતનો પત્ર કરેલો, સાહેદને આંક–૫૪ વાળો પત્ર બતાવતા તે તે જ હોવાનું અને તેમાં ઘાણા ઈન્ચાર્જશ્રી બી.એન. ઈન્ચાર્જનાં પો.અધિ.શ્રીની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. આરોપીએ સાહેદોને કોલ કરીને બોલાવેલ હોય તેમણે આંક–૫૫ વાળા કોલ ડીટેઈલનાં રિપોર્ટની નકલ સામેલ રાખેલી. તેમણે તપાસનાં કામે જરૂરી મેડીકલ કાગળો સામેલ

રાખીને આગળની તપાસ તેમણે મહેન્દ્રકુમાર હરીલાલે સંભાળેલી અને તેમણે ચાર્જશીટ કરેલું. સાહેદે આરોપીઓને કોર્ટ સમક્ષ ઓળખી બતાવેલ છે.

સદર ત.ક.અ.શ્રીની બચાવપક્ષે લીધેલ ઉલટતપાસમાં તેમણે એ હકિકતનો સ્વિકાર કરેલ છે કે, પ્રાથમિક ફરીયાદમાં પાંચ અજાણ્યા ઈસમો ધ્વારા હુમલો કર્યાની હકિકત જણાવેલ છે. તેમજ સીવિલ હોસ્પિટલ, પાલનપુરના આંક–૩૫ વાળા સારવાર સર્ટી.માં ડોકટર શ્રી સમક્ષ હીસ્ટ્રીમાં ઈજા પામનારે એવી હકિકત જણાવેલ હતી કે નવરાત્રી દરમ્યાન મિત્રો સાથે અંદરોઅંદર મસ્તી કરતા સળીયાથી ઈજા થયેલ હતી. કબજે કરેલ છરી ઉપર કોઇ લોહી કે અન્ય કોઇ નીશાન ન હતા. ત્યારબાદ ફરીયાદપક્ષે પુછેલ સજેશન્સનો તેમણે ઈન્કાર કરેલ છે.

(૨૨) આ કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તરફથી વિગતવારની મૌખિક દલીલો કરી આ કેસમાં રજુ થયેલ ફરીયાદપક્ષના સાહેદોના સોગંદ ઉપરના પુરાવાઓની હકીકતો તરફ તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓની હકીકત તરફ અત્રેની કોર્ટનું ધ્યાન દોરીને કરેલી છે અને આ કેસમાં હોસ્ટાઈલ થયા સિવાયના બાકીના સાહેદોના પુરાવાથી ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધનો પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ થયેલ છે અને તેથી આ કેસના આરોપીઓને તકશીરવાન ઠરાવીને તેઓને કાયદાથી નિયત કરવામાં આવેલ મહત્તમ સજા કરવા માટે દલીલ કરેલ છે.

(૨૩) વધુમાં આરોપીપક્ષે વિ.વકીલ શ્રી યુ.એ.સોલંકી ધ્વારા વિગતવારની મૌખિક દલીલો કરી આ કેસમાં રજુ થયેલ ફરીયાદપક્ષના સાહેદોના સોગંદ ઉપરના પુરાવાઓની હકીકતો જેમાં મહત્વના અને સાધનિક અગત્ય ધરાવતા ફરીયાદપક્ષના સાહેદોએ કેવો પુરાવો આપેલો છે તેની વિગતવાર છણાવટ કરી વિશેષમાં રજુઆત કરેલ છે કે, આ કામે ફરીયાદી પોતે સ્પષ્ટરીતે અને કોણે ઈજા પહોંચાડી તે વ્યકિતનું નામ જણાવી શકતા નથી. તેમજ મેડીકલ હીસ્ટ્રી તેમજ ફરીયાદની વિગતો વચ્ચે વિસંગતતા સર્જાયેલ છે. તેમજ મેડીકલ હીસ્ટ્રીમાં સળયો ઘુસી જવાથી ઈજા પહોંચેલ તેમ જણાવે છે. તેમજ ફરીયાદમાં કોઈકે છરી મારેલ તેમ જણાવેલ છે જયારે ફરીયાદી પોતાની જુબાનીમાં આરોપી સુનીલનું નામ જણાવે છે. જયારે અન્ય નજરે જોનાર સ્વતંત્ર સાહેદો ફરીયાદને સમર્થન કરતા નથી. સાહેદ સુરેશભાઇ ફરીયાદીના ભાઇ છે જયારે અર્જુનસિંહ તેઓના મિત્ર છે અને તેઓ પણ કોણે છહી મારી તે જણાવી શકતા નથી.

અર્જુનસિંહ અને સાગર દેસાઇનુ નામ આપે છે. આમ ફરીયાદી તેમજ સાહેદોની જુબાનીમાં ભારે વિરોધાભાસ જણાય છે. તેમજ કોઇ ઓળખ પરેડ થયેલ નથી અને મેડીકલ સર્ટીફિકેટમાં કોઇ આરોપીનુ નામ દર્શાવેલ નથી. આમ આ તમામ હકિકતો આરોપીઓ સામે ઘડવામાં આવેલ તહોમતનામાને સમર્થન પુરૂ પાડે તેવો નથી અને એ રીતે ફરીયાદપક્ષની જણાવાયેલી હકિકતો અંગે ખંડનાત્મક એટલે કે વિરોધાભાસી પુરાવો રજુ થયેલ હોઈ તહોમત નિ:શંકપણે સાબિત થતુ નથી. તેમજ રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓની હકીકતો તરફ અત્રેની કોર્ટનું ધ્યાન દોરીને આ કેસમાં ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધનો પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ થયેલ નથી અને તેથી આ કેસના આરોપીઓને નિર્દોષ ઠરાવીને છોડી મુકવા માટે વિનંતી કરેલી છે.

(૨૪) બન્ને પક્ષની રજુઆતો તથા રજુ થયેલ પુરાવા ધ્યાને લઇએ તો આંક-૧૧ની ફરીયાદમાં ફરીયાદીના ભાઇ સુરેશભાઇ અને અર્જુનસિંહ સોલંકીને અજાણ્યા વ્યકિતએ શ્રી આર્કેડ કોમ્પલેક્ષમાં બોલાવી અને ત્યાં સાગર દેસાઇ અને જૈમીન દરજી વિગેરે ત્યાં ઉભા હતા અને મારા ભાઇ અને અર્જુનસિંહને ગડદપાટુનો માર મારેલ અને હું આ લોકોને ઠપકો આપવા જતા સાગર દેસાઇ અને જૈમીન દરજી વિગેરે પાંચ-છ જણા પોતાના હાથમાં ધારદાર હથીયાર લઇને ઉભા હતા અને હું ઠપકો આપવા જતા આ તમામ ગાળો બોલવા લાગેલા અને આરોપીઓમાંથી કોઇએ મને જમણા ભાગે પેટની નીચે છરી મારેલ અને અમો ત્રણ જણા બચવા સારૂ ભાગયેલા તો આરોપીઓએ જાનથી મારી નાંખવાની ધમકી આપેલી. વધુમાં સદર ફરીયાદીની આંક-૧૦ થી તેજદિવસની પોલીસ સ્ટેશને આપેલ અરજી ધ્યાને લઇએ તો અરજીમાં સાગર દેસાઇ અને બીજા પાંચ જણા ધારદાર હથીયાર વડે હુમલો કરેલ અને સદર અરજી ફરીયાદીએ પોતે આપેલી. આમ ફરીયાદ અને સદર અરજીમાં સાગર દેસાઇનુ નામ ફરીયાદી જણાવે છે જયારે પોતાની જુબાનીમાં સુનીલે પેટની જમણી બાજુ છરી મારેલ તેમ જણાવે છે. વધુમાં આંક-૧૦ વાળી અરજી તેના પિતાએ લખેલ તેવુ પોતાની ઉલટતપાસમાં જણાવે છે.

(૨૫) વધુમાં બનાવ સમયે હાજર એવા સુરેશભાઇ દેસાઇ કે જેઓ ફરીયાદીના ભાઇ છે, તેઓ પણ પોતાની આંક-૧૪ની જુબાનીમાં ત્રણ ઇસમો પૈકી એકે મહેશભાઇ ઉપર હુમલો કરેલ તેમ જણાવેલ છે, પરંતુ સુનીલ અથવા સાગરે છરી મારેલ હોય તેવી કોઇ હકિકત જણાવતા નથી.

વધુમાં ઉલટતપાસમાં અર્જુનભાઇ ઉપર જે અજાણ્યા માણસનો ફોન આવેલ તે બાબતે અર્જુનભાઇ પોલીસને જાણ કરેલ નથી તેમ જણાવેલ છે.

(૨૬) વધુમાં બનાવ સમયે હાજર સાહેદ અર્જુનસિંહ ઇશ્વરસિંહ સોલંકી પોતાની આંક–૧૫ની જુબાનીમાં એમ જણાવે છે કે, નવરાત્રી જોવા આવેલા લોકોને ના પાડતા પંદર–વીસ મીનીટ પછી તે લોકોનો મારા ઉપર ફોન આવેલ અને શ્રી આર્કેડ હનુમાન ટેકરી મળવા માટે બોલાવેલા તેથી હું અને સુરેશભાઇ મારા મિત્ર સાથે મળવા ગયેલા અને તે સમયે દસેક લોકો ઉભા હતા અને સોસાયટીમાંથી આવેલા પાંચ લોકો ઉભા હતા અને મને બહાર ઉભો રહેવા જણાવેલુ અને સુરેશ અંદર ગયેલો અને જેથી સુરેશને કેમ અંદર લઇ જાવો છો તો તે લોકો સુરેશને છોડીને મારી પાસે આવેલા અને એક વ્યકિતએ મને પેટના ભાગે ફેંટ મારેલી. ત્યારબાદ અમે સુરેશભાઇના મોટાભાઇ મહેશભાઇને વાત કરેલી અને અમો ત્રણેય જણા પાછા શ્રી આર્કેડ ગયેલા અને શ્રી આર્કેડના ઢાળ પાસે આ લોકો આવતા હતા અને મહેશભાઇએ મને પુછેલ કે આ લોકોમાંથી કોણે તને ફેંટ મારેલી જેથી મે ઇશારો કરેલો તે તરતજ તે લોકો પૈકી કોઇ એકે મારા ભાઇને પેટમાં છરી મારેલી. અર્થાત નજરે જોનાર સાહેદ પણ કોણે છરી મારેલ તે જણાવી શકતા નથી. વધુમાં બનાવ સમયે રાત્રીનો સમય હતો તેથી તે ઇસમોને આજે પણ હું ઓળખી શકુ નહી તેમ જણાવે છે. આમ આ સાહેદો નજરે જોનાર સાહેદો હોય અને બનાવ સમયે હાજર સાહેદોએ કોણે છરી મારેલી તે જણાવતા નથી. જયારે ખુદ ફરીયાદી સુનીલે છરી મારેલી તેમ જણાવે છે. આમ ફરીયાદી અને બન્ને નજરે જોનાર સાહેદોની જુબાનીમાં છરી મારનાર વ્યકિત બાબતે વિસંગતતા સ્પષ્ટ રીતે તરી આવે છે.

(૨૭) વધુમાં આંક–૩૪થી રજુ થયેલ મેડીકલ ઓફીસર શ્રી ડી.બી.જૈનની જુબાની ધ્યાને લઇએ તો કેસ હીસ્ટ્રીમાં જણાવેલ છે કે, તા.૯/૧૦/૧૬ના રોજ નવરાત્રીએ ગરબા જોવા ગયેલા તે વખતે મિત્રો સાથે મસ્તી કરતા મને લોખંડનો સળીયો પેટની જમણી બાજુના પડખામાં વાગેલ તેમ જણાવે છે અને તેજ હકિકત આંક–૩૫ના મેડીકલ સર્ટીફિકેટમાં દર્શાવેલ છે. અર્થાત ફરીયાદી, નજરે જોનાર સાહેદો છરી વાગ્યાનું જણાવે છે જયારે તેજ ફરીયાદી કેસ હીસ્ટ્રીમાં મેડીકલ ઓફીસર શ્રી સમક્ષ સળીયો વાગ્યાનું જણાવેલ છે. આમ ઇજા કયા હથીયારથી થયેલી તે બાબતે પણ મહત્વના વિરોધાભાસ સ્પષ્ટપણે નજરે તરી આવે છે.

(૨૮) વધુમાં આ કામે અન્ય સ્વતંત્ર સાહેદોની જુબાની ધ્યાને લઇએ તો સાહેદ જૈમીનભાઇ આંક–૨૬થી બનાવ બાબતે કંઇ જાણતા ન હોવાનુ જણાવે છે. તેજ રીતે આંક–૩૦થી સુફીયાનખાન ઈર્શાદખાન પરમાર ગૌરવ સાથે માથાકુટ થયેલાનું જણાવે છે. જયારે આંક–૩૧થી સાહેદ સચિન બાબુલાલ મોલેસલામ પણ સુનીલ, સાગર અને બીજા માણસો વચ્ચે ઝઘડો ચાલતો હોવાનુ જણાવે છે. આમ અન્ય સ્વતંત્ર સાહેદો પણ ફરીયાદપક્ષના કેસની હકિકતોને સમર્થન કરતા નથી.

(૨૯) વધુમાં આ કામે આંક–૪૯થી રજુ ત.ક.અ.શ્રી ભરતભાઇ નવગણભાઇ મોઢવાડીયાના પુરાવા મુજબ આરોપી નં.(૨) નાઓએ ફરીયાદીના પેટના ભાગે છરી મારેલ હોવાનુ જણાવે છે, પરંતુ પોતાની ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે, પ્રાથમિક ફરીયાદમાં પાંચ અજાણ્યા ઇસમોએ હુમલો કર્યાનુ જણાવે છે અને મેડીકલ હીસ્ટ્રીમાં નવરાત્રી ઉપર અંદરોઅંદર મસ્તી કરતા હોય ઈજા થયાનું જણાવે છે.

(૩૦) આમ ઉપરોકત સમગ્ર ચર્ચા કર્યા મુજબ બનાવ બાબતે ફરીયાદી અને નજરે જોનાર સાહેદ અને સ્વતંત્ર સાહેદોના પુરાવા વચ્ચે અને દાકતરી પુરાવામાં ફરીયાદીન કોણે ઈજા પહોંચાડી અને કયા હથીયારથી ઈજા પહોંચાડી તે બાબતે વિસંગતતા અને વિરોધાભાસ જણાઇ આવે છે અને હથીયાર બાબતે પણ અલગ અલગ હકિકતો દર્શાવેલ હોવાનું જણાય છે. આ સંજોગોમાં ફરીયાદી તેમજ તેમના ભાઇ સુરેશભાઇ અને અર્જુનસિંહ તથા ખુદ ફરીયાદીની જુબાની વિશ્વસનીય જણાઈ આવતી નથી અને કઇ વ્યકિતએ કયા હથીયાર વડે ઈજા પહોચાડી તેવુ સ્પષ્ટ ફલિત થતુ ન હોઇ અને સમગ્ર ગુનામાં કયા આરોપીની કઇ ભુમિકા હતી તેવુ સ્પષ્ટ અને શંકારહિત રીતે પણ પ્રસ્થાપિત થતુ ન હોય માત્ર શંકાના આધારે કોઇ વ્યકિતને કસુરવાર ઠરાવી શકાય નહી. આ સંજોગોમાં ઉપરોકત ચર્ચા કર્યા અનુસાર મારા મત મુજબ ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપાયેલ ઇ.પી.કો. કલમ–૩૨૩, ૩૨૪, ૫૦૬(૨), ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો કે ગુના તત્વો શંકારહિત રીતે પુરવાર કરી શકેલ ન હોઇ આરોપીઓને શંકાનો લાભ આપવો ન્યાયોચિત જણાય છે.

**એડીશનલ ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ, પાલનપુર.**

(૩૧) આમ સદર કામે ફરીયાદપક્ષ તરફથી રજુ કરવામાં આવેલા અગાઉ વિગતવાર ચર્ચા કર્યા પ્રમાણેના ફરીયાદપક્ષે રજુ થયેલ કોર્ટ સમક્ષના સોગંદ ઉપરના તમામ મૌખિક પુરાવાઓનું તેમજ આ કેસના રેકર્ડ ઉપર ફરીયાદપક્ષ તરફથી રજુ કરવામાં આવેલા બધા જ દસ્તાવેજી પુરાવાઓનું સંયુકત રીતે મૂલ્યાંકન કરતા તેમજ બચાવપક્ષે વિ.વકીલ શ્રીની મૌખિક દલીલો તેમજ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક દલીલો ધ્યાનમાં લેતા સદર કામે ફરીયાદની હકિકતો અનુસાર અને પ્રોસીકયુશનના કેસ અનુસારની હકિકતો પુરવાર કરવા માટેનો કોઈ સબળ, સચોટ, વિશ્વસનીય અથવા તો સાંયોગિક પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી અને તેથી આરોપીઓ વિરૂધ્ધનું તહોમત નિ:શંકપણે પુરવાર થતુ નથી અને જયારે સંશયને અવકાશ રહે છે, ત્યારે કાયદાકીય જોગવાઈ અનુસાર ચોકકસપણે આ કામના આરોપીઓને તેનો લાભ મેળવવા માટે હકકદાર બનતા હોઈ અને તે સંજોગોમાં ફરીયાદપક્ષના કેસ મુજબ તા.૦૮/૧૦/૨૦૧૬ના રોજ પાલનપુર મુકામે સુયોગ બંગ્લોઝ કે જયાં ફરિયાદી રહે છે ત્યાં નવરાત્રીનાં ગરબાનું આયોજન કરેલ હોય, રાત્રીનાં ક.-૧૧:૦૦ વાગ્યાનાં સુમારે તેમની સોસાયટીમાં જૈમીન દરજી, રહે.આબુરોડ, હનુમાન ટેકરી, પાલનપુરવાળો તથા તેની સાથે બીજા ચાર જણા ફરિયાદીની સોસાયટીમાં ગરબા જોવા આવેલા. તે વખતે ફરિયાદી, તેમના નાના ભાઈ સુરેશ દેસાઈ તથા અર્જુન ઈશ્વરસિંહ સોલંકી ત્યાં હાજર હતા. આ જૈમીન દરજી અને તેની સાથેનાં ચાર જણા ગરબામાં આમતેમ આંટા ફેર મારતા હોઈ, ફરિયાદીનાં ભાઈ તથા અર્જુન સોલંકીએ તેઓને ''અહિં કેમ આંટા ફેરા મારો છો. અહિં અજાણી વ્યકિતનો પ્રવેશ બંધ છે. અહિંથી જતા રહો" તેમ કહેતા, તેઓ બધા ઉશ્કરાઈ ગયેલા અને તેઓને ''અમે આમ જ ફરીએ છીએ. તમને જોઈ લઈશું" તેમ જણાવેલું. આ ચારેય જણા નશો કરેલ હતા અને તેઓ ગરબાની જગ્યાએથી જતા રહેલા. ત્યારબાદ અજાણી વ્યકિતએ અર્જુન સોલંકીનાં મોબાઈલ ઉપર સામેથી નં.૭૪૮૬૮૫૯૨૨૮ ઉપરથી ફોન કરેલો અને તેઓને શ્રી આર્કેડ કોમ્પ્લેક્ષમાં બોલાવેલા. તેથી ફરિયાદીનો ભાઈ અને અર્જુનભાઈ સોલંકી બન્ને ત્યાં ગયેલા. ત્યાં આરોપી નં.(૧) તથા જૈમીન દરજી વિગેરે પાંચથી છ જણા ઉભા હતા અને તેઓએ ફરિયાદીનાં ભાઈને તથા અર્જુનભાઈ સોલંકીને ગડદાપાટુનો માર મારેલો. તેથી તે બન્ને જણાએ આવીને ફરિયાદીને વાત કરતા, તેઓ આરોપીઓને ઠપકો આપવા માટે ગયેલા. તે વખતે આ કામના આરોપીઓ તથા જૈમીન દરજી વિગેરે પાંચ-છ જણા હાથમાં ધારદાર હથિયાર લઈને ત્યાં ઉભા હતા. ફરિયાદી તેઓને ઠપકો આપવા જતા, તે તમામ ફરિયાદીને માં-બહેન સામી ભુંડી ગાળો બોલવા લાગેલા. તેથી ફરિયાદીએ તેઓને ગાળો બોલવાની ના પાડતા, તે તમામ આરોપીઓ પૈકી કોઈકે ફરિયાદીને જમણી તરફ પેટની

નીચે કમર પાસે ધારદાર છરી મારેલી. તેથી ફરિયાદી, તેમનો ભાઈ અને અર્જુન ત્રણેય જણા બચવા માટે ત્યાંથી ભાગેલા. તે વખતે આરોપીઓ ''ઉભા રહો, તમોને જાનથી પતાવી દેવાના છે" તેવી ધમકીઓ આપી ગુનો કરેલ હોવાની હકીકતો આરોપીઓ વિરુધ્ધ નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સફળ થયેલ ન હોઈ મુદ્દા નં.(૧)નો નિર્ણય નકારમાં ઠરાવી અને મુદ્દા નં.(૨) અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-// હુકમ //-**

(૧) આ કામના આરોપી નં.(૧) સાગરભાઈ અમરતભાઈ દેસાઈ, રહે.ઢુંઢીયાવાડી પોલીસ ચોકી પાસે, પાલનપુર, મૂળ રહે.કુશ્કલ, તા.પાલનપુર, જિલ્લો-બનાસકાંઠા તથા નં.(૨) સુનિલભાઈ કાળુભાઈ ઓડ, રહે.ઓડવાસ, ઢુંઢીયાવાડી, ચમનજી ઝાલાનાં મકાન પાસે, મુ. તા.પાલનપુર, જિલ્લો-બનાસકાંઠાનાઓને તેઓ વિરૂધ્ધ પાલનપુર શહેર પશ્ચિમ પો.સ્ટે. ફ.ગુ.રજી. નં.૯૯/૨૦૧૬ થી દાખલ થયેલ ઈ.પી.કો. કલમ-૩૨૩, ૩૨૪, ૫૦૬(૨), ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબના ગુનાના શીક્ષાનેપાત્ર ગુનામાંથી ક્રિ.પ્રો.કોડની કલમ-૨૪૮(૧) અન્વયે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) તેમજ આરોપી નં.(૩) વિપુલકુમાર અમૃતલાલ રાઠોડ (ઓડ)નાઓ પુરતો કેસ એબેટ કરેલ છે.

(૩) મુદ્દામાલનો અપિલ સમય વિત્યેથી નાશ નીકાલ કરવો.

(૪) આરોપીઓએ જામીન સમયે આપેલ જામીનખત તથા જાતમુચરકા રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) પ્રત્યેક આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ-૪૩૭(એ) મુજબ રૂા.૫,૦૦૦/- (અંકે રૂપીયા પાંચ હજાર પુરા)ના અપીલ સમય સુધીના નવા જામીન તથા જાતમુચરકા રજુ કરવા.

આ હુકમ આજરોજ તારીખ-સોળમી, માહે-જુલાઇ, સને-બે હજાર છવ્વીસના રોજ વાંચી સંભળાવી ખુલ્લી અદાલતમાં મારી સહી કરી જાહેર કર્યો.

મુકામ: પાલનપુર
તા.૧૬/૦૭/૨૦૨૬.

(મહિપાલસિંહ જશવંતસિંહ બિહોલા)
પ્રિન્સી.સીનીયર સીવિલ જજ અને એડીશનલ ચીફ
જ્યુડી. મેજીસ્ટ્રેટ,
બનાસકાંઠા-પાલનપુર
(કોડ નં.જીજે-૦૦૬૨૪)

//THAKER//

**એડીશનલ ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ, પાલનપુર.**